## નિવેદન

Acknowledgement

એમ.એ.નો અભ્યાસ પૂરો થયા પછી અવાર-નવાર એમ.એસ.યુનિ.માં પરીક્ષણકાર્ય કે પરિસંવાદમાં જવાનું થતું રહ્યું. એ દરમ્યાન પીએચ.ડી. કરવાની ઇચ્છા થતાં શિરીષ પંચાલ પાસે માર્ગદર્શન માગ્યું. બે-ત્રણ વિષય આપી એમણે વિકલ્પો સૂચવ્યા, છેવટે 'લલિતનિબંધ - સ્વરૂપ-શૈલી' વિષય પસંદ કર્યો. કૌટુંબિક સામાજિક જવાબદારી, રજિસ્ટ્રેશન કરાવ્યા પછી બીજા વર્ષે મારી દીકરીનો જન્મ, કૉલેજની કામગીરી – આ બધાંમાંથી સમય કાઢી કામ કર્યે રાખ્યું, વિષયની સંકુલતાને લીધે અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા. જેનું યોગ્ય નિરાકરણ લાવવા ગમે તે સમયે મારી મૂંઝવણમાંથી માર્ગ કાઢી આપનારા મારા માર્ગદર્શક શિરીષ પંચાલનો હું અંતઃકરણપૂર્વક આભાર માનુ છું.

'કામ કેટલે પહોંચ્યું ?' – એમ પૂછી સતત પ્રેરણા આપતા રહેલા એમ.એસ.યુનિ.ના ગુજરાતી વિભાગના તમામ અધ્યાપકો, મારી કૉલેજના ગુજરાતી વિભાગના પ્રા.અનિલવાળા, પ્રા.જયેન્દ્ર સિંધા તેમજ પુસ્તકો શોધી આપવા સદાય તત્પર રહેનાર બોડેલી કૉલેજના ગ્રંથપાલ પ્રવીણભાઈ પટેલ આ સહુની હું ઋણી છું.

કૉલેજના શૈક્ષણિક કાર્ય પછી બોડેલીથી વડોદરા આવવા જવા માટે સંમતિ આપવા બદલ આચાર્ય ચરણદાસ પટેલ તથા કૉલેજના ટ્રસ્ટીઓનો પણ આ ક્ષણે આભાર માનું છું.

અને અંતે જેમના આશીર્વાદથી આ કામ શક્ય બન્યું એવા મારા પૂજ્ય માતા-પિતા, કામમાં વ્યસ્ત હોવા છતાં સાથ-સહકાર આપી રહેલા મારા પતિ, અન્ય કુટુંબીજનો સહુનું સ્નેહસ્મરણ થઈ આવે છે.

લલિત નિબંધ જેવા લવચીક સ્વરૂપમાં કામ કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું ત્યારે મારા આ શોધકાર્યમાંથી કોઈને પણ કાંઈક ઉપયોગી મુદ્દાઓ મળી રહશે તો હું મારા આ પુરુષાર્થની સાર્થકતા સમજી ધન્યતા અનુભવીશ.

- ધર્મિષ્ઠા રાજપૂત